# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા–૦૧/૧૬–૧૭ / ૫૧૯૪ તા. 03/05/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી
c/o મનસુખભાઈ છગનભાઈ દાસાણી
નવાગામ (આણંદપર) શેરી નં.–૨,
વાયા : બેડીપરા પોસ્ટ,
તા.જી. રાજકોટ
મો : ૯૮૨૪૨ ૪૯૧૧૦

વિષય :–નવા ખેતીવાડી વિજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૦૩–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૦૧/કવા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 03

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૧/કવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા. ૩૧–૦૫–૧૬ | સ્થળ :રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામઃ કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી,ગામઃ રાજકોટ,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી જયેશભાઈ કેશવલાલ કાચા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :પી.આર.ભાડજા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વિજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામ : નવાગામ (આણંદપર) ખાતે તા.૦૫–૦૬–૨૦૦૪ ના રોજ રૂ.૨૦૦/– નોધણીચાર્જ ભરપાઈ કરી અને નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી નોધાવેલ છે.તેમની સાથે ના તમામ અરજદારો ને જોડાણ મળી ચુકેલ છે. જયારે તેઓની અરજી પરત્વે પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક અરજી કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, તેમના ગામ : લાપાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૨૦ પૈકી મા સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે તા.૦૫–૦૬–૨૦૦૪ ના રોજ, રૂ.૨૦૦/– નોધણીચાર્જ ભરપાઈ કરી અને, જે તે સમય ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી રાજકોટ મા અરજી, જે સામાન્ય પ્રતિક્ષાયાદી ક્રમ નં.૧૦૫૯ હેઠળ નોધાયેલ હતી. ત્યારબાદ, સદર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી રાજકોટ નુ વિભાજન થતા, અરજદારશ્રી ના માંગણી મુજબ ના સ્થળ ની વહીવટીય કાર્યક્ષેત્ર વાળી કચેરી, એવી વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી મા, અરજદાર શ્રી ની સદર તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી વાળો રેકર્ડ તબ્દીલ થયેલ હતો. વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી રાજકોટ તરફથી, અરજદાર શ્રી ની સદર તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી, જે અરજદારે તત્કાલ યોજના હેઠળ તબ્દીલ કરાવતા, તે અન્વયે પીજીવીસીએલ ની વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી રાજકોટ તરફથી, સ્થળ સર્વેક્ષણ કરી, દરખાસ્ત રજુ કરી અને તત્કાલ યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તાંત્રીક મંજુરી મેળવી, અને તે મુજબ અરજદાર ની મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી ને, તત્કાલ તબ્દીલી યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી અન્વયે નુ, તા.૨૧–૦૩–૨૦૧૧ ના રોજ ભાવપત્રક આપવામા આવેલ હતુ. આ ભાવપત્રક ની રકમ નિયત સમયગાળા મા ભરપાઈ થયેલ ન હોવાના કારણોસર અરજદાર ની, સદર તત્કાલ તબ્દીલી રદબાતલ થયેલ હતી. જયારે, સામાન્ય યોજના હેઠળ ની મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી રદબાતલ થયેલ ન હતી અને, સામાન્ય પ્રતિક્ષાયાદી ક્રમ ના ભવિષ્યમા આવનાર ક્રમ હેઠળ ચાલુ રહેલ હતી. |
| **૨.૨** | ત્યારબાદ, અરજદાર શ્રી ની આ તા.૦૫–૦૬–૨૦૦૪ ની મુળ સામાન્ય યોજના હેઠળ ની અરજી નો ક્રમ આવ્યે, આ સમયે, વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી નુ પણ વિભાજન થતા, નવી કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ અસ્તીત્વ મા આવતા, સદર અરજી સબંધક રેકર્ડ, જે વાવડી અર્બન પેટા વિભાગીય કચેરી રાજકોટ તરફથી, નવી વિભાજીત થયેલ કુવાડવા રોડ, પેટા વિભાગીય કચેરી રાજકોટ ખાતે તબ્દીલ થયેલ હતો. અરજદાર ની માંગણી મુજબ નુ સ્થળ, એટલેકે ગામઃ લાપાસરી હવે કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ હેઠળ સમાવિષ્ટ થતા, વર્ષ–૨૦૧૪ દરમ્યાન, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવેલ અરજદાર ની તા.૦૫–૦૬–૨૦૦૪ ની મુળ અરજી અન્વયે, અરજદાર શ્રી ની સદર અરજી ને, મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને પ્રથમ ચરણ ના ભાગરૂપ, અરજદાર શ્રી ને માંગણી મુજબ ના સ્થળ ની તેમની કાયદેસર ની માલીકી / ભોગવટો વગેરે ને સમર્થન આપતા – એવા માંગણીદાર અને માંગણીના સ્થળ ની અદ્યતન સ્થિતી દર્શાવતા – સાધનીક દસ્તાવેજીક પેપર્સ, જે પીજીવીસીએલ ની કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ દ્વારા, અરજદાર શ્રી ને, તેમની મુળ અરજી મા દર્શાવેલ એવા ગામઃ લાપાસરી ના સરનામા પર રજીસ્ટર્ડ ટપાલ મારફત પત્ર ક્રમાંકઃ ૧૫૬૩ તા. ૨૪–૦૩–૨૦૧૪ થી મંગાવવામા આવેલ હતા. પરંતુ, સદર રજીસ્ટર્ડ ટપાલ '' આ નામની વ્યકિત ન હોવાના '' રજીસ્ટર્ડ કવર પર ના રીમાર્ક સાથે, સદર કવર, કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ મા પરત આવેલ છે. આમ, હાલ ના તબ્બકે, મુળ અરજદાર શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે હાલ ના તબ્બકે – કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ ખાતે મંજુરી અન્વયે ની અધુરી પ્રક્રીયા હેઠળ પતડર રહેલ છે. |

| | |
|---|---|
| <u>૨.૩</u> | ફોરમ સમક્ષ ના, હાલ ના અરજદાર શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ના જણાવવા મુજબ,મુળ અરજદાર શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીવાળુ, ગામ: લાપાસરી નુ ખેતીવાડી સર્વે નંબર : ૨૦ વાળુ સ્થળ, તેઓએ ખરીદેલ છે, જેથી હવે, મુળ અરજદાર શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, ગામ: લાપાસરી ખાતે ની, આ જમીન સર્વે નંબર : ૨૦ મા નોંધાયેલ મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી વાળુ નવુ જોડાણ, હવે તેઓ શ્રી, મુળ અરજદાર શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ( જે હાલ સ્વર્ગસ્થ હોય) ના નામ પરથી, માંગણી મુજબ ના સ્થળ સર્વે નંબર : ૨૦ ના હાલ ના માલીક એવા મનસુખભાઈ છગનભાઈ સોલંકી ના નામે નામ બદલી સાથે નવુ જોડાણ, જે આજ સર્વે નંબર : ૨૦ મા મેળવવા ઈચ્છે છે. |
| <u>૨.૪</u> | પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/ ૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ, નવા ખેતીવાડી વીજજોડાણ ની નોંધાયેલ અરજી વાળા સ્થળની ખરીદી અન્વયે ભોગવટો મેળવનાર એવા નવા માલીકે, મુળ ગ્રાહક શ્રી / અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર તરફથી, રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નોટરાઇઝ સંમતીપત્ર સાથે, નિયમાધીન જરૂરી એવા તમામ દસ્તાવેજીક પેપર્સ / જરૂરી હોય તે મુજબ ના અન્ય વારસદારો ના રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નોટરાઇઝ સંમતીપત્ર વગેરે સાથે ની – નિયત અરજી ફોર્મ મા, નામ બદલી ની વિધીસર ની અરજી, પીજીવીસીએલ મા રજુ કરવાની રહેતી હોય છે. નવા આગંતુક / મુળ જમીન ખરીદનાર ની, આ મુજબ ની નામ બદલી ની અરજી ની તમામ બાબતો નિયમાધીન યોગ્ય જણાયે, નવા આગંતુક / મુળ જમીન ખરીદનાર ની સદર અરજી ને, નિયમાધીન પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને તે અન્વયે તેમની માંગણી મુજબ નુ સદર નવુ ખેતીવાડી વીજજોડાણ, જે નામ બદલી સાથે આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી એ, શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, ગામ : લાપાસરી ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૨૦ પૈકી મા સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની, તા.૦૫–૦૬–૨૦૦૪ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ થયેલ હોય તે મુજબ ની અરજીવાળુ મુખ્ય સ્થળ, એટલેકે ગામ : લાપાસરી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૦ વાળી જમીન ખરીદેલ છે. હાલ ના તબ્બકે, મુળ ગ્રાહક શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની, સદર સર્વે નંબર : ૨૦ વાળી જમીન મા નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની રાજકોટ ખાતે ની કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી ખાતે, મંજુરી ની અધુરી પ્રક્રીયા હેઠળ પડતર રહેલ છે. |
| <u>૩.૨</u> | પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૪ મા દર્શાવેલ વિગત મુજબ, ફોરમ સમક્ષ ના સવાલવાળા અરજદાર શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી, કે જેઓએ પીજીવીસીએલ ના મુળ ગ્રાહક શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની, મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળુ સ્થળ, એટલેકે ગામ: લાપાસરી ના સર્વે નંબર : ૨૦ વાળી જમીન ખરીદેલ છે. જેથી, ફોરમ સમક્ષ ના સવાલવાળા અરજદાર, જો સદર જમીન વેચનાર અને પીજીવીસીએલ ના મુળ ગ્રાહક એવા શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે – કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ના નામ પરથી તેમના એટલેકે શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ના નામ પર, નામ બદલી સાથે, નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા ઈચ્છતા હોય તો, શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી એ – મુળ ગ્રાહક શ્રી / અથવા તો તેમના સીધીલીટી ના વારસદાર તરફથી, રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નોટરાઇઝ સંમતીપત્ર સાથે, નિયમાધીન જરૂરી એવા, ગ્રામ પંચાયત / મામલતદાર કચેરી ના સબંધક એવા તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ સદર નામ બદલી કેઈસ મા, જરૂર જણાયે, મુળ સ્વ. ગ્રાહક ના અન્ય વારસદારો ના રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નોટરાઇઝ સંમતીપત્ર વગેરે સાથે ની – નિયત અરજી ફોર્મ મા – નામ બદલી ની વિધીસર ની અરજી, જે પીજીવીસીએલ ની સબંધક કુવાડવા રોડ પેટા વિભાગીય કચેરી રાજકોટ મા રજુ કરવાની રહેશે. જો, શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ની આ મુજબ ની નામ બદલી ની અરજી ની તમામ બાબતો, જો પીજીવીસીએલ પક્ષકાર ને નિયમાધીન યોગ્ય જણાશેતો, શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ની સદર નામ બદલી ની અરજી માટે, નિયમાધીન મુકરર એવો નોંધણીચાર્જ વસુલ કરીને, સદર નામ બદલી ની અરજી ને નિયમાધીન પ્રક્રીયા હેઠળ આવરી લઈ, અને તે અન્વયે તેમની માંગણી મુજબ નુ, મુળ અરજદાર શ્રી કરશનલાલ પ્રાગજીભાઈ દાસાણી ની મુળ તા.૦૫–૦૬–૨૦૦૪ ની નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી વાળુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે નામ બદલી સાથે, ગામ: લાપાસરી ખાતે ના સર્વે નંબર : ૨૦, કે જેની હાલ ના તબ્બકે ની માલીકી, શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ની છે, તે જમીન પર, નવુ ખેતીવાડી વીજજોડાણ, શ્રી મનસુખભાઈ છગનભાઈ સોલંકી ના નામ પર આપવાની તમામ નિયમાધીન પ્રક્રીયા હેઠળ ની કાર્યવાહી, જે દિન–૬૦ મા પૂર્ણ કરવામા આવશે.સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી, આ મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી, જે બન્ને પક્ષકારો ને આપવા સબબ નો હુકમ થયેલ છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..